## અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, અરણ્ય ભવન, સેકટર-૧૦,ગાંધીનગર

ફોન નં. ૦૭૯ ૨૩૨ ૫૪૧૧૯, ૨૩૨ ૫૪૧૨૨

જાહેરાત ક્રમાંકઃ ૧/૨૦૧૬-૧૭: વન ખાતાના વડા અગ્ર મુખ્ય વન સંરક્ષકના નિયંત્રણ હેઠળના જુદા-જુદા જિલ્લાની કચેરીઓની નીચે દર્શાવેલ વનરક્ષક સંવર્ગ, વર્ગ-૩ની જગ્યાઓ પર નિમણૂંક માટે ઉમેદવારો પસંદ કરવા જગ્યાના સંદર્ભમાં ઉલ્લેખ કરેલ શૈક્ષણીક લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર તાઃ૧૧/૦૭/૨૦૧૬ (૧૪-૦૦ કલાકથી) તાઃ૦૨/૦૮/૨૦૧૬ (સમય રાત્રીના ૧૧-૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે.

### ૧. ભરવાપાત્ર જગ્યાઓ સહ અનામત ટકાવારી મુજબ જાતિવાર ભરવાની થતી જગ્યાઓની વિગત.

| જાહેરાત ક્રમાંક | સંવર્ગ | વન વિભાગ/ જિલ્લાનું નામ | સીધી ભરતીથી ભરવાની કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | અનુસુચિત જાતિ | અનુસુચિત જનજાતિ | સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ | બિનઅનામત આર્થિક રીતે નબળો વર્ગ | બિન અનામત | અનુસુચિત જાતિ | અનુસુચિત જનજાતિ | સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ | બિનઅનામત આર્થિક રીતે નબળો વર્ગ | બિન અનામત |
| May-૧૬ | વનરક્ષક | કચ્છ | ૧૨૩ | ૮ | ૧૨ | ૧૧ | ૯ | ૮૩ | ૨ | ૩ | ૩ | ૨ | ૨૭ |
| | | પાટણ | ૨૦ | ૦ | ૫ | ૦ | ૨ | ૧૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૪ |
| | | ડાંગ | ૫૬ | ૦ | ૯ | ૧૮ | ૪ | ૨૫ | ૦ | ૩ | ૫ | ૧ | ૮ |
| | | વલસાડ | ૩૨ | ૩ | ૧૫ | ૬ | ૧ | ૭ | ૦ | ૪ | ૧ | ૦ | ૧ |
| | | નવસારી | ૧૦ | ૦ | ૮ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |
| | | સુરત | ૬૭ | ૧ | ૨૬ | ૧૭ | ૬ | ૧૭ | ૦ | ૮ | ૪ | ૨ | ૫ |
| | | તાપી | ૫૦ | ૨ | ૭ | ૧૩ | ૫ | ૨૩ | ૦ | ૨ | ૪ | ૧ | ૭ |
| | | ભરૂચ | ૪૩ | ૩ | ૧૪ | ૧૨ | ૩ | ૧૧ | ૦ | ૪ | ૩ | ૦ | ૩ |
| | | વડોદરા | ૧૪ | ૦ | ૫ | ૦ | ૧ | ૮ | ૦ | ૧ | ૦ | ૦ | ૨ |
| | | છોટા ઉદેપુર | ૩૦ | ૪ | ૦ | ૩ | ૩ | ૨૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૬ |
| | | દાહોદ | ૮૭ | ૫ | ૧૬ | ૦ | ૭ | ૫૯ | ૧ | ૫ | ૦ | ૧ | ૧૭ |
| | | નર્મદા | ૭૦ | ૨ | ૨૩ | ૧૭ | ૬ | ૨૨ | ૦ | ૭ | ૩ | ૧ | ૬ |
| | | નડીયાદ | ૧૨ | ૧ | ૦ | ૪ | ૧ | ૬ | ૦ | ૦ | ૧ | ૦ | ૨ |
| | | આણંદ | ૧૬ | ૧ | ૧ | ૨ | ૧ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ |
| | | અમદાવાદ | ૧૫ | ૦ | ૧ | ૨ | ૧ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ |
| | | પંચમહાલ | ૭૬ | ૦ | ૩૨ | ૨૫ | ૭ | ૧૨ | ૦ | ૧૦ | ૮ | ૨ | ૩ |
| | | મહિસાગર | ૫૨ | ૪ | ૭ | ૨૦ | ૫ | ૧૬ | ૧ | ૨ | ૬ | ૧ | ૫ |
| | | મહેસાણા | ૨૫ | ૦ | ૦ | ૧ | ૨ | ૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ |
| | | બનાસકાંઠા | ૬૧ | ૬ | ૩ | ૫ | ૫ | ૪૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૧૩ |
| | | સાબરકાંઠા | ૧૦૫ | ૧૧ | ૧૮ | ૩૩ | ૯ | ૩૪ | ૩ | ૫ | ૧૦ | ૨ | ૧૧ |
| | | અરવલ્લી | ૫૮ | ૭ | ૧૪ | ૧૬ | ૫ | ૧૬ | ૨ | ૪ | ૫ | ૧ | ૫ |
| | | ગાંધીનગર | ૩૧ | ૪ | ૮ | ૦ | ૨ | ૧૭ | ૧ | ૨ | ૦ | ૦ | ૪ |
| | | જુનાગઢ | ૧૬૧ | ૧૧ | ૦ | ૧૭ | ૧૪ | ૧૧૯ | ૩ | ૦ | ૫ | ૪ | ૩૮ |
| | | ગીર સોમનાથ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ |
| | | જામનગર | ૩૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૨૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ |
| | | ભાવનગર | ૧૭ | ૦ | ૦ | ૦ | ૧ | ૧૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ |
| | | બોટાદ | ૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | સુરેન્દ્રનગર | ૩૬ | ૧ | ૩ | ૦ | ૨ | ૩૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૮ |
| | | રાજકોટ | ૩૪ | ૩ | ૦ | ૧ | ૩ | ૨૭ | ૧ | ૦ | ૦ | ૧ | ૮ |

| જાહેરાત ક્રમાંક | સંવર્ગ | વન વિભાગ/ જિલ્લાનું નામ | સીધી ભરતીથી ભરવાની કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | અનુસુચિત જાતિ | અનુસુચિત જનજાતિ | સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ | બિનઅનામત આર્થિક રીતે નબળો વર્ગ | બિન અનામત | અનુસુચિત જાતિ | અનુસુચિત જનજાતિ | સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ | બિનઅનામત આર્થિક રીતે નબળો વર્ગ | બિન અનામત |
| | | મોરબી | ૨૯ | ૧ | ૦ | ૬ | ૨ | ૨૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૬ |
| | | દેવભૂમિ દ્વારકા | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| | | અમરેલી | ૭૭ | ૨ | ૩ | ૨ | ૭ | ૬૩ | ૦ | ૧ | ૦ | ૧ | ૨૧ |
| | | પોરબંદર | ૨૦ | ૧ | ૩ | ૦ | ૨ | ૧૪ | ૦ | ૧ | ૦ | ૦ | ૪ |

*** જાહેરાતમાં  દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શક્યતા છે.**

૨. નાગરિકત્વઃ

ઉમેદવાર (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન, (ગ) ભુતાનનો પ્રજાજન, (ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી તા.૦૧/૦૧/૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ તિબેટના નિર્વાસીત અથવા (ચ) પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા અને પૂર્વ આફ્રિકન દેશો- કેન્યા, યુગાન્ડા, વિયેટનામ, ઝામ્બિયા, મલાવી, ઝેર, ઇથિયોપીયા, યુનાઇટેડ રીપબ્લિક ઓફ ટાન્ઝાનિયાના દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી આવેલ મૂળ ભારતીય વ્યક્તિ, પરંતુ (ખ)થી (ચ) સુધીના પ્રકારમાંની વ્યક્તિઓ ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર મેળવ્યુ હોય તો જ નિમણુંક માટે પાત્ર બનશે.

ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૭ હેઠળ કરવામાં આવેલ જોગવાઇ મુજબ પાત્રતા ધરાવતો હોવો જોઇએ.

૩. ઉંમર અને તેમાં છુટછાટઃ

- અરજી લોગઓન કરવાની છેલ્લી તા.૦૨/૦૮/૨૦૧૬ના રોજ ઉમેદવારે ૧૮ વર્ષ પુરા કરેલ હોવા જોઇએ અને ૩૩ વર્ષ પૂરા કરેલ ન હોવા જોઇએ.
- ઉંમર અરજી લોગઓન કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
- ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છુટછાટ મળવાપાત્ર છે.

  ૩.૧ મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળાં વર્ગના પુરૂષ ઉમેદવાર- ૫ વર્ષ.

  ૩.૨ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૯/૦૪/૧૯૯૭ના ઠરાવની જોગવાઇ મુજબ બિનઅનામત વર્ગના મહિલા ઉમેદવાર  - ૫ વર્ષ.

  ૩.3 મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળાં વર્ગના

મહિલા ઉમેદવાર- ૧૦ વર્ષ. (આ છુટછાટમાં મહિલા માટેની ૫ વર્ષની છુટછાટનો સમાવેશ થાય છે).

૩.૪ માજી સૈનિક અને ઈ.સી.ઓ/ એસ.એસ.સી.ઓ સહિત-લશ્કરમાં બજાવેલી સેવા (ઓછામાં ઓછા છ (૬) માસની સેવા કરી હોય) ઉપરાંત ૩ વર્ષ.

૩.૫ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૨/૧૯૮૦, તા.૦૧/૦૮/૧૯૯૦ તથા તા.૧૮/૦૪/૨૦૦૧ના ઠરાવથી ૨૫ રમતો/ ખેલકુદની યાદીને માન્યતા આપવામાં આવેલ છે. જે ઠરાવની જોગવાઇઓ મુજબ રમતવીરોને ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ મળશે.

૩.૬ ગુજરાત સરકારના કર્મચારીઓને વયમર્યાદામાં કોઇપણ પ્રકારની છુટછાટ મળવાપાત્ર નથી.

૩.૭ અનામત વર્ગના ઉમેદવાર બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારને વયમર્યાદામાં છુટછાટ મળશે નહીં.

૩.૮ બધી જ મળવાપાત્ર છુટછાટ ગણત્રીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

૪.અ શૈક્ષણિક લાયકાતઃ

(૧) ઉમેદવાર ઉચ્ચત્તર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એચ.એસ.સી (ધોરણ-૧૨) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇશે.

(૨) ઉમેદવાર ગુજરાતી / હિન્દી અથવા બન્ને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

(૩) ઉમેદવાર રાજય સરકારના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અન્વયે ઠરાવેલી કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧૩/૦૮/૦૮ તથા તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ મુજબ કોમ્પ્યુટરના બેઝિક નોલેજનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઇશે. વિકલ્પે, માન્ય યુનિવર્સીટી અથવા સરકાર માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડીપ્લોમા, ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્સ કરેલ હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ડીપ્લોમા કે ડીગ્રી અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો માન્ય રહેશે. આ તબક્કે આવા પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણૂક મેળવતાં પહેલા પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર ઠરશે નહીં.

૪.બ શારીરિક ધોરણઃ

| | અ.જ.જા. સિવાયના અન્ય ઉમેદવારો માટે | | મૂળ ગુજરાત ક્ષેત્રના અ.જ.જા. ઉમેદવારો માટે | |
|---|---|---|---|---|
| | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા |
| ઉંચાઇ | ૧૬૩ સે.મી. | ૧૫૦ સે.મી. | ૧૫૫ સે.મી. | ૧૪૫ સે.મી. |
| છાતીનો ઘેરાવો (ફુલાવ્યા વગર) | ૭૯ સે.મી. | - | ૭૯ સે.મી. | - |
| છાતીનો ઘેરાવો (ફૂલાવેલ) | ૮૪સે.મી. | - | ૮૪ સે.મી. | - |
| વજન (કિ.ગ્રા) | ૫૦ કિ.ગ્રા | ૪૫ કિ.ગ્રા | ૫૦ કિ.ગ્રા | ૪૫ કિ.ગ્રા |

૫. પગાર ધોરણઃ

રૂા.૧૦,૦૦૦/- (ફીક્સ વેતન) નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/ ૨૦૦૨/ ૫૭/ (પાર્ટ-૨)/ ઝ.૧ મુજબ ઉમેદવારને શરૂઆતના તબક્કે રૂા.૧૦,૦૦૦/-ના માસિક ફીક્સ પગારથી, પાંચ વર્ષ માટે સરકારશ્રીના નાણાં વિભાગના તા.૨૮/03/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ-3), ઝ.૧ મુજબની શરતો અને બોલીઓને આધિન નિમણૂંક આપવામાં આવશે. શરતો અને બોલીઓ આયોગના નોટીસ બોર્ડ ઉપર તેમજ વેબસાઇટ https://forests.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. ઉમેદવારે પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ કર્યાની ખાતરી થયા બાદ ઉપરોકત ઠરાવની જોગવાઇઓને આધિન રૂા.૫૨૦૦-૨૦,૨૦૦ (ગ્રેડ પે-૧૮૦૦)ના નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક મળવાપાત્ર થશે.

૬. જાતિ પ્રમાણપત્રઃ

૬.૧ મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારોએ જાતિ પ્રમાણપત્ર તથા બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના સમાવેશ થતા અંગેનો સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૫/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-અના નમુનામાં તા.૩૧/03/૨૦૧૬ના રોજ પૂરા થયેલ ૨૦૧૫-૧૬ના નાણાંકીય વર્ષની આવકને ધ્યાને લઇ આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ પરિશિષ્ટ-અના નમુનાનું પ્રમાણપત્ર તા.૦૧/૦૫/૨૦૧૬ના રોજ અથવા ત્યારબાદ સક્ષમ સત્તાધિકારીએ આપેલું હોવું જોઇએ.

૬.૨ સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક અથવા પરિશિષ્ટ-૪ના નમુનામાં

તા.૩૧/૦૩/૨૦૧૬ના રોજ પૂરા થયેલ ૨૦૧૫-૧૬ના નાણાંકીય વર્ષની આવકને ધ્યાને લઇને આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૬.૩ આ પરિશિષ્ટ-ક/ પરિશિષ્ટ-૪ તા.૦૧/૦૪/૨૦૧૬ના રોજ અથવા ત્યારબાદ સક્ષમ અધિકારીએ આપેલ હોવું જોઇએ તથા તેનો નંબર અને તારીખ ઓનલાઇન અરજીમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે.

૬.૪ અંગ્રેજીમાં આપેલ એનેક્ષર-એ નું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં. આવું અંગ્રેજી પ્રમાણપત્ર સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જગ્યા તથા બિનઅનામત જગ્યા માટે પણ માન્ય ગણવામાં આવશે નહીં.

૬.૫ પરિણિત મહિલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર તેણીના માતા-પિતાની આવકના આધારે રજુ કરવાનું રહેશે. પતિની આવકના આધારે આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો અરજી રદ કરવામાં આવશે.

૬.૬ સરકારના પ્રર્વતમાન નિયમોનુસાર વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫ ટકા ગુણ લેખિત પરીક્ષામાં ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી પ્રક્રિયા તથા નિમણુંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોવા જોઇએ.

૬.૭ એથલેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઇટલિફ્ટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઇકલીંગ, જીમનેસ્ટીક, જુડો, રાઇફલ શુટીંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજની રમતો- ખેલકૂદમાં રાષ્ટ્રીય/ આંતરરાષ્ટ્રીયઅથવા આંતર યુનિવર્સીટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫ (પાંચ) ટકાથી વધુ નહીં તેટલા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે નક્કી કરેલ સત્તાધિકારી પાસેથી નિયત કરેલ નમુનામાં જરુરી પ્રમાણપત્ર માંગણી થયે ત્યારે રજૂ કરવાનું રહેશે. <u>ગ્રામ્ય/ તાલુકા/ જિલ્લા કક્ષાના સ્પર્ધકોને વધુ ગુણભાર મળવાપાત્ર નથી.</u>

૬.૮ ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતી વખતે તેઓ અનામત કક્ષામાં અરજી કરવા માંગે છે કે બિન અનામત કક્ષામાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવું. એક વખત ઓનલાઇન અરજી કર્યા બાદ ઓનલાઇન ફોર્મમાં દર્શાવેલ જાતિ/કક્ષામાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહીં. જો કોઇ ઉમેદવાર પાછળથી આ બાબતે રજૂઆત કરશે, તો તેની રજૂઆત સ્વીકારવામાં આવશે નહિ કે તેનો કોઇ પ્રત્યુત્તર આપવામાં આવશે નહિ. (ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઇ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.)

૬.૯ ઉમેદવારે અરજી પત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઇપણ તબકકે રદ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે.

૬.૧૦ ફી ભર્યા બાદ રીફન્ડ મળવાપાત્ર નથી.

૬.૧૧ ગુજરાત સરકારના કર્મચારી આ જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરે શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને દિન-૭માં અચુક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ/ખાતા/કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહી આપવાની અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીને કચેરીને જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

૬.૧૨ ઓનલાઇન અરજી કરતી વખતે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનો નિયત સમયગાળાનો અને નિયત નુમનાનું પ્રમાણપત્ર ધરાવતાં ન હોય તેવા ઉમેદવારોને જનરલ ઉમેદવાર તરીકે અરજી કરવા સલાહ આપવામાં આવે છે.

૬.૧૩ માજી સૈનિક માટે કુલ ભરવાપાત્ર જગ્યાનાં ૧૦ ટકા મુજબ જગ્યાઓ અનામત છે, જે તે કેટેગરી સામે સરભર કરાશે. માજી સૈનિક માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક માજી સૈનિક ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

૬.૧૪ મહિલાઓ માટેની જગ્યાઓ ૩૩ ટકા મુજબ અનામત છે, જે-તે કેટેગરી સામે સરભર કરાશે. મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાએ જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે.

૬.૧૫ એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. એક કરતાં વધુ અરજીના કિસ્સામાં ફી સહીત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી એક જ અરજી માન્ય ગણાશે. તે સિવાયની બધી અરજીઓ રદ્દ થશે અને ભરેલ ફી ના નાણાં પરત મળશે નહીં. બાકીની તમામ અરજીઓ રદ થશે. એક કરતાં વધુ જિલ્લા માટે અરજી કરી શકાશે નહીં.

૬.૧૬ સીધી ભરતીથી પસંદ થનાર તમામ ઉમેદવારોની નિમણુંક પ્રવર્તમાન નિયમો/ પરીક્ષા નિયમો તથા નીતી વિષયક હુકમો/ નિયમોને અનુલક્ષીને કરવામાં આવશે અને તે તમામ જોગવાઇઓ ઉમેદવારને બંધનકર્તા રહેશે. વનરક્ષક ભરતી તથા પરીક્ષા નિયમો વન વિભાગની વેબસાઇટ https://forests.gujarat.gov.in ઉપર જોઇ શકાશે.

૬.૧૭ દિવ્યાંગ ઉમેદવારોએ અરજી કરવી નહી.

૬.૧૮ ઓનલાઇન અરજી કરતી વખતે કોઇ પ્રમાણપત્ર જોડવાના નથી.

૭. અરજી ફીઃ

(૧) ફોર્મ ભરતી વખતે **General** કેટેગરી પસંદ કરેલ હોય તેવા માજી સૈનિક કેટેગરી સિવાયના તમામ ઉમેદવારોએ રૂા.૧૦૦/-પરીક્ષા ફી + પોસ્ટલ ચાર્જીસની રકમ ભરવાની રહેશે.

(૨) જે ઉમેદવારોને ફી ભરવાની થતી હોય તેવા ઉમેદવારો OJAS વેબસાઇટ પર અરજી સબમીટ કરે ત્યારે તેઓને ફી ભરવા માટે ઓનલાઇન ચલણની ત્રણ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

(૩) ઉમેદવારોએ ચલણ સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઓફીસમાં “વન સંરક્ષક (હિસાબ) ગાંધીનગર” ના નામથી ભરવાના રહેશે પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તા.૦૫/૦૮/૨૦૧૬ (પોસ્ટ ઓફીસના કામકાજના સમય સુધી) તેમજ પૈસા ભર્યાની પહોંચ સાચવી રાખવાની રહેશે અને પરીક્ષા સમયે કોલ લેટર સાથે અચુક સાથે લાવવાની રહેશે. અન્યથા ઉમેદવારને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહી. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી. ઉમેદવારને ફી ભર્યા બાદ ૨૪ કલાકમાં ઉમેદવારને SMS થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે. જો SMS ન મળે તો તાત્કાલીક જે તે પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવો.

(૪) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

(૫) અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી સીલેક્ટ કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

(ક) અનુસુચિત જાતિ

(ખ) અનુસુચિત જનજાતિ

(ગ) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ્

(ઘ) બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ

(ચ) માજી સૈનિક

૮. પસંદગી પ્રક્રિયાઃ

આ પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામાં યોજવામાં આવશે.

- પ્રથમ તબકકો હેતુલક્ષી પ્રશ્નોવાળી OMR પદ્ધતિથી લેવાનાર લેખિત પરીક્ષા રહેશે.
- બીજો તબક્કો શારીરિક ક્ષમતા કસોટીનો રહેશે.
- બંન્ને તબક્કામાં સફળ થયેલ ઉમેદવારોએ વોકીંગ ટેસ્ટ પસાર કરવાનો રહેશે.

## વનરક્ષકની ભરતી લેખિત કસોટી માટે માપદંડ

- ભરતી માટે લેખિત પરીક્ષાએ અનિવાર્ય ક્વોલીફાઇંગ ટેસ્ટ છે. લેખીત પરીક્ષા ૧૦૦ પ્રશ્નોના હેતુલક્ષી પ્રશ્નપત્રમાં MCQ (Multipule choice Question) અને ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) પધ્ધતિમાં લેવામાં આવશે. જેમાં દરેક પ્રશ્નના ૨ ગુણ લેખે કુલ ગુણ ૨૦૦ રહેશે. સમય ૨ કલાક રહેશે. ખોટા જવાબ માટે મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. (નેગેટીવ માર્કીંગ લાગુ પડશે.) ઉમેદવારે બધા પ્રશ્નના જવાબ આપવાના રહેશે. OMR શીટમાં સફેદ શાહી (white ink) નો ઉપયોગ નિષેધ છે. જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબમાં સફેદ શાહી (white ink)નો ઉપયોગ કરશે તો તે જવાબ ખોટો ગણી નેગેટીવ માર્કસ આપવામાં આવશે.
- લેખિત પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.
- પરીક્ષાનો અભ્યાસક્રમ વનરક્ષક વર્ગ-૩ સ્પર્ધાત્મક પરીક્ષા અને સીધી ભરતી નિયમો-૨૦૧૬ના પરિશિષ્ઠ-૧ અનુસાર રહેશે. વિવિધ વિષયને નીચે મુજબ વેઇટેજ આપવામાં આવશે.

| વિષય | ટકા વારી |
|---|---|
| સામાન્ય જ્ઞાન, | ૨૫ % |
| સામાન્ય ગણિત | ૧૨.૫ % |
| સામાન્ય ગુજરાતી | ૧૨.૫ % |
| કુદરતી પરીબળો જેવા કે,પર્યાવરણ તથા ઇકોલોજી, વનસ્પતિ વિષયક જ્ઞાન, વન્યજીવ સૃષ્ટી, જળ, જમીન, ઔષધિય વનસ્પતિ, કાષ્ટ તથા કાષ્ટ આધારીત ઉધોગો, ભુભૌગોલિક પરીબળો | ૫૦ % |

- વનરક્ષક વર્ગ-૩ સ્પર્ધાત્મક પરીક્ષા અને સીધી ભરતી નિયમો-૨૦૧૬ના જણાવ્યાનુસાર પરીક્ષા ખંડમાં વિવિધ ઇલેકટ્રોનિક ઉપકરણો પર પ્રતિબંધ ફરવવામાં આવેલ છે તથા ઉક્ત અધિનિયમના અધિનિયમ-૧૭માં જણાવેલ કારણોસર નિયમ ભંગ કરનાર ઉમેદવાર સામે આ નિયમમાં જણાવેલ અનુસારની શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- હેતુલક્ષી પરીક્ષામાં લઘુત્તમ લાયકી ધોરણ કુલ ગુણના ૪૦ ટકા ગુણ રહેશે. ૪૦ ટકા કે તેથી વધુ માર્કથી ઉત્તિર્ણ થયેલ ઉમેદવાર બીજા તબક્કાની શારીરિક યોગ્યતા (ફીજીકલ ટેસ્ટ) માટે લાયક ગણાશે. પ્રથમ તબક્કાની પરીક્ષામાં ઉતિર્ણ થનાર ઉમેદવારો પૈકી મેરીટના આધારે આશરે ૮ ગણા કે તેથી વધુ ઉમેદવારોને જરૂરીયાત અનુસાર બીજા તબકકાની શારીરિક ક્ષમતા કસોટી માટે બોલાવવામાં આવશે.
- શારીરિક ક્ષમતા કસોટી માટે વહીવટી અનુકુળતા મુજબ કોઇપણ તારીખે અને સમયે ઉમેદવારોને બોલાવવામાં આવશે અને તે મુજબ શારીરિક ક્ષમતા કસોટી માટે ઉમેદવારોએ તેઓને જણાવવામાં આવે તે કેન્દ્ર ખાતે હાજર રહેવાનું રહેશે.

- નિયત તારીખ તથા સમયે, જણાવેલ સ્થળે શારિરીક ક્ષમતા કસોટીમાં ઉપસ્થિત નહીં રહેનાર ગેરહાજર ઉમેદવારો ભરતી પ્રક્રિયામાંથી ગેરલાયક ઠરશે.
- વનરક્ષક ભરતી માટે પસંદગીની મેરીટ જે તે જિલ્લા કક્ષાએ તૈયાર કરવામાં આવશે. વધુમાં મેરીટના ધોરણે અગ્રતાક્રમ મુજબ કેટેગરીવાર ખાલી જગ્યા ઉપર જે તે કેટેગરીના લાયક ઉમેદવારની નિમણુંક માટે ફાળવવા પસંદગી યાદી બનાવવામાં આવશે.
- વનરક્ષક માટે બંન્ને પરીક્ષામાં સફળ ઉમેદવારોએ વોકીંગ ટેસ્ટ આપવાનો રહેશે. વોકીંગ ટેસ્ટ ૪ કલાકમાં પૂર્ણ કરવાનો રહેશે. જેમાં પુરૂષ ઉમેદવારે ૨૫ કિ.મી તથા મહિલા ઉમેદવારે ૧૪ કિ.મી અંતર ચાલવાનું રહેશે.
- આ જગ્યાઓ પર નિમણુંક માટે કોઇ મૌખિક ઈન્ટરવ્યુ / રૂબરૂ મુલાકાત રાખવામાં આવનાર નથી.
- શારિરીક ક્ષમતા કસોટીમાં સફળ થયેલ ઉમેદવારોને તેઓના અસલ દસ્તાવેજોની ચકાસણી માટે જણાવેલ સમયે અને સ્થળે અચુક હાજર રહેવાનું રહેશે. ગેરહાજર રહેનાર ઉમેદવારો ભરતી પ્રક્રિયામાંથી ગેરલાયક ઠરશે.
- શારિરીક ક્ષમતા કસોટીના ધોરણો 'વનરક્ષક વર્ગ-૩ સ્પર્ધાત્મક પરીક્ષા અને સીધી ભરતી નિયમો-૨૦૧૬'ના પરિશિષ્ઠ-૨ અનુસાર નીચે મુજબ રહેશે.

<u>પુરૂષ ઉમેદવારો માટે</u>

| અ.નં. | શારીરિક ક્ષમતા ક્સોટીની વિગત | સમય અને માપ | |
|---|---|---|---|
| | | પુરૂષ ઉમેદવાર માજી સૈનિક સિવાય | માજી સૈનિક પુરૂષ ઉમેદવાર |
| ૧ | ૧૬૦૦ મીટર દોડ.. | ૬.૦૦ મિનિટ | ૬.૩૦ મિનિટ |
| ૨ | ઊંચોકુદકો | ૪ ફુટ ૩ ઇંચ | ૪ ફુટ |
| ૩ | લાંબોકુદકો | ૧૫ ફુટ | ૧૪ ફુટ |
| ૪ | પુલઅપ્સ (હથેળી પોતાની બાજુ રહે તે રીતે) | ઓછામાં ઓછા ૮ વખત | ઓછામાં ઓછા ૮ વખત |
| ૫ | રસ્સા ચઢ | ૧૮ ફુટ | ૧૮ ફુટ |

<u>મહિલા ઉમેદવારો માટે</u>

| અ.નં. | શારીરિક ક્ષમતા ક્સોટીની વિગત | સમય અને માપ | માજી સૈનિક મહિલા ઉમેદવાર |
|---|---|---|---|
| ૧ | ૮૦૦ મીટર દોડ. | ૪ મિનિટ | ૪.૨૦ મિનિટ |
| ૨ | ઊંચોકુદકો | ૩ ફુટ | ૨ ફુટ ૯ ઇંચ |
| ૩ | લાંબોકુદકો | ૯ ફુટ | ૮ ફુટ |

અગત્યની સુચનાઓ

(૧) સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા તથા શારીરિક યોગ્યતા ક્સોટી માટેના કોલલેટરમાં દર્શાવેલ નિયત દિવસે દર્શાવેલ સમયે-સ્થળે આપવાની રહેશે. કોઇપણ ઉમેદવાર એક કરતાં વધુ સ્થળે શારીરિક યોગ્યતા કસોટી આપી શકશે નહીં.

(૨) શારીરિક યોગ્યતા કસોટી દરમ્યાન થયેલ કોઇપણ શારીરિક ઇજા અથવા અન્ય હાનિ માટે વળતર આપવામાં આવશે નહી.

(૩) વનરક્ષક માટે પસંદગીની મેરીટ જે તે જિલ્લા કક્ષાએ તૈયાર કરવામાં આવશે. વધુમાં મેરીટના ધોરણે અગ્રતાક્રમ મુજબ કેટેગરીવાર ખાલી જગ્યા ઉપર જે તે કેટેગરીના લાયક ઉમેદવારની નિમણુંક માટે ફાળવવા પસંદગી યાદી બનાવવામાં આવશે.

(૪) આ ભરતી રાજય સરકારશ્રી દ્વારા નામ. સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ એલ.પી.એ.નંબર ૧૪૧૨૪-૧૪૧૨૫ /૨૦૧૨ ના આખરી ચુકાદાને આધીન રહેશે.

૯. સામાન્ય સુચનાઓઃ-

(૧) પરીક્ષા કાર્યક્રમ અંગેની તારીખ તથા પરીક્ષા સ્થળ/ કેન્દ્ર અંગેની માહિતી હવે પછી જાહેર કરવામાં આવશે.

(૨) સદરહુ ભરતી સંબંધી તમામ સુચનાઓ/ વિગતો વખતોવખત https://ojas.gujarat.gov.in વેબસાઇટ પરથી જોતા રહેવા સુચના આપવામાં આવે છે.

(3) ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો, શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ, માજી સૈનિક વગેરે સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ જીલ્લા પસંદગી સમિતિ/ખાતા દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે, અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

(૪) આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

(૫) પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણુંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણુંક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે જાહેર સેવા માટે તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી. તો તે તબકકે આ ઉમેદવારને નિમણુંક ન આપવાનો નિર્ણય લઇ શકશે અને આ બાબતે નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૬) આ ભરતી પ્રક્રિયા વનરક્ષક સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમો અને ભરતી પરીક્ષા નિયમોને સંપૂર્ણપણે આધિન રહેશે.

(૭) આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ખાતાને સંપુર્ણ

હકક/અધિકાર રહેશે. અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.

(૮) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.
(આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે. જે સંપૂર્ણ નથી.)

(૧) ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય,
(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય,
(૩) અરજીમાં ઉમેદવારે સહી કે પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરેલ ન હોય,
(૪) અરજી ફેક્સ થી, ઇ-મેઇલથી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય,
(૫) બિનઅનામત વર્ગના ઉમેદવારે પૂરેપૂરી ફી ન ભરેલ હોય,
(૬) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ, શારીરિક ખોડ-ખાંપણ ધરાવતા ઉમેદવાર તેમજ માજી સૈનિક તેઓની કેટેગરી અંગેનું પ્રમાણપત્ર ધરાવતા ન હોય,
(૭) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ના હોવા અંગેનું નોન-ક્રિમીલીયર પ્રમાણપત્ર ધરાવતા ન હોય,

(૯) વિભાગ જે કોઇ ઉમેદવારને-

૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,
(૨) બીજાનું નામ ધારણ કરવા માટે,
(૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,
(૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,
(૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહીતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,
(૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,
(૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે,
(૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહીતની અપ્રસ્તુત બાબત લખવા માટે,

(૯) OMR (ઉત્તરપત્ર)માં પોતાની ઓળખસૂચક કોઇપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે,

(૧૦) પરીક્ષા ખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણૂંક કરવા માટે,

(૧૧) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે,

(૧૨) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગીરી કરવા માટે, અથવા

(૧૩) પરીક્ષા માટે તેને પરવાનગી આપતાં તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સુચનાનો ભંગ કરવા માટે દોષીત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહી પાત્ર થવા ઉપરાંત, (ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાની કોઇપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઇપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજ્ય સરકાર, પોતાના હેળઠની કોઇપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે ગેરલાયક/ બાકાત કરી શકશે.

(૧૪) ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

<u>અરજી કરવાની રીત</u>

ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ (૧) થી (૧૨) અનુસરવાના રહેશે. કન્ફરમેશન નંબર મળ્યા પછી જ અરજી સંપુર્ણ રીતે ભરાયેલ ગણાશે.

આ જાહેરાતના સંદર્ભમાં એન.આઇ.સી.ની https://ojas.gujarat.gov.in વેબસાઇટ મારફત ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા મુજબ તારીખ:૧૧/૦૭/૨૦૧૬ (૧૪.૦૦ કલાકથી) થી તારીખ:૦૨/૦૮/૨૦૧૬ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન વેબસાઇટ પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે,

(૧) સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઇન્ટરનેટમાં વેબસાઇટ https://ojas.gujarat.gov.in પર જવું. હવે

(૨) “Apply on line” Click કરવાથી ભરવાપાત્ર જગ્યાનો જાહેરાત ક્રમાંક, નામ અને અરજી કરવાની મુદતની વિગત દેખાશે.

(૩) અરજી કરવા ઇચ્છતા ઉમેદવારે જગ્યા પસંદ કરેથી તેની નીચે “Apply now” પર click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌપ્રથમ “Personal Details” ઉમેદવારે ભરવી (અહી લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.)

(૪) Personal Details ભરાયા બાદ “Educational Details” ભરવા માટે “Educational Details” પર Click કરવુ.

(૫) હવે ઉમેદવારે પરીક્ષા કેન્દ્ર (exam centre) પર Click કરવું. અહી પસંદગીના પરીક્ષા કેન્દ્રની વિગત પસંદ કરવી.

(૬) તેની નીચે “Self declaration” માં Yes/No પર Click કરવુ.

(૭) હવે “Save” પર Click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે. અરજીના સ્વીકારથી આપનો “Application Number” generate થશે. જે ઉમેદવારે નોંધી લેવાનો અને સાચવીને રાખવાનો રહેશે.

(૮) હવે પેજના ઉપરના ભાગમાં Upload Photograph પર Click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર Click કરવુ. અહીં photo અને signature upload કરવાના છે. (photo નુ માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને signature નુ માપ ૨.૫ સે.મી. લંબાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) photo અને signature upload કરવા સૌપ્રથમ તમારો photo અને signature jpg format માં (15 kb) સાઇઝથી વધારે નહિ તે રીતે computer માં હોવા જોઇએ) “browse” button પર Click કરો. અને Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે. તે ફાઇલને Select કરો અને Open Button ને Click કરો. હવે “browse” button ની બાજુમાં

"Upload" button પર click કરો. જેથી બાજુમાં તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે.

(૯) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર Click કરો અને "Application Number" તથા Birth Date Type કર્યા બાદ ok પર Click કરવાથી બે (૨) બટન (૧) application preview (૨) Confirm Application દેખાશે. ઉમેદવારે application preview પર Click કરી પોતાની અરજી જોઇ લેવી અરજીમા' સુધારો કરવાનો જણાય તો edit application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો થઇ શકશે. પરંતુ અરજી Confirm થયા બાદ કોઇપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ Confirm Application પર Click કરવુ. Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો જીલ્લા પસંદગી સમિતિમાં online સ્વીકાર થઇ જશે. અહીં "Confirm Number" Generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ ઉમેદવારે સાચવવાનો રહેશે. "Confirm Number" સિવાય કોઇપણ પત્રવ્યવહાર કે પરીક્ષાને લગતી કોઇપણ કાર્યવાહી કરી શકાશે નહી. આ નંબર ભવિષ્યમાં આ જાહેરાતના સંદર્ભમાં જીલ્લા પસંદગી સમિતિ સાથેના કોઇપણ પત્રવ્યવહારમાં સંદર્ભ તરીકે દર્શાવવાનો રહેશે.

(૧૦) હવે Print Application પર Click કરવું અહીં તમારો "Confirm Number" ટાઇપ કરવાનો અને Print પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી

(૧૧) અરજી Confirm થયેથી તુરત જ અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર SMS મળશે આપના મોબાઇલ નંબર ઉપર સમિતિ દ્વારા આ જાહેરાત સંદર્ભે SMS થી જાણ કરવામાં આવશે.

(૧૨) આ જાહેરાત સંબંધિત પરીક્ષા અને પસંદગી પ્રિક્રયા સંદર્ભની તમામ સુચનાઓ આપે અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર જ SMS થી જાણ કરવામાં આવશે જેથી આ પસંદગીની પ્રક્રિયા પુર્ણ થાય નહી ત્યાં સુધી આપનો મોબાઇલ નંબર બદલવો નહી. અન્યથા પરીક્ષા સંબંધિત સુચનાઓ આપને નહી મળે તો જીલ્લા પસંદગી સમિતિની જવાબદારી રહેશે નહી.

આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના ભરતી નિયમો અન્વયે શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, પરીક્ષા ફી અને પરીક્ષાને લગતી પસંદગીની પધ્ધતિની અને જાહેરાતની અન્ય તમામ વિગતો https://ojas.gujarat.gov.in ઉપર જોવા મળશે. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં બતાવેલી કોઇ પણ વિગત અને ઉમેદવારે નિમણુંક સત્તાધિકારી સમક્ષ રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમા' જે તે તબકકે નિમણુંક અધિકારી દ્વારા ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની ઉમેદવારી નિમણુંક

સત્તાધિકારી/સમિતિના પરામર્શમાં રદ કરવામાં આવશે. તેમજ આવા ઉમેદવારની જો પસંદગી/નિમણુંક થયેલ હશે તો સંબંધિત કચેરી દ્વારા જીલ્લા પસંદગી સમિતિના પરામર્શમાં કોઇપણ તબકકે રદ કરવામાં આવશે. આ સંવર્ગની સીધી ભરતી પ્રક્રિયા સંપુર્ણ પણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ અને વખતો વખત તેમાં થયેલ સુધારા અને તે અન્વયે આ સંવર્ગોના ભરતી નિયમો/પરીક્ષા નિયમોને આધિન રહેશે. આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો જીલ્લા પસંદગી સમિતિને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને જીલ્લા પસંદગી સમિતિ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(આર.સી.મિસ્ત્રી)
સભ્ય સચિવ વનરક્ષક સમિતિ
અને
મુખ્ય વન સંરક્ષક, વહીવટ,
ગુજરાત રાજય, ગાંધીનગર

તારીખઃ ૦૮/૦૭/૨૦૧૬
સ્થળઃ- ગાંધીનગર